સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

અધિકારી જાતે 'બૂક્યા' ઉપાડે તો કેવું લાગે?
રાજા જાતે જઇ કર ઉઘરાવે તો કેવું લાગે?
ને સેનાપતિ જાતે જ ગભરાય, તો કેવું લાગે?
PM જાતે પંચાયતી પ્રચારે જાય તો કેવું લાગે?
(દિલ્હી-મનપાની ચૂંટણી)

હાઈકુ

લ્યો સાંભળજો!
હું બોલું ઇ'કાયદો -
બાકીના ફોક!!
(૭૭૭ કાયદા રદ્દ થશે)

બંધાય કોણ?
'યુ'ટર્નની પેરવી -
'ઢંઢેરો' નહીં
(ચતુર કાગની ચાલ)

ચિંતન

મહાનદી પ્રતરણં મહાપુરુષ વિગ્રહમ્ । મહાજન વિરોધં ચ દૂરતઃ પરિવર્જયેત ॥

અર્થ: મોટી નદી તરી જવાનું ખોટું સાહસ, મોટા શક્તિશાળી-સત્તાધારી વ્યક્તિ કલહ ઝગડો કરવાનું અને મહાજન. (સામાજિક-જ્ઞાતિનું સંગઠન)નો વિરોધ ન કરવો - આ ત્રણ બાબતો ને દૂરથી જ નમસ્કાર કરવા.

(૧) મોટી નદીનો પ્રવાહ ક્યાં કેવો ઝડપી કે વમળ યુક્ત છે એની ખબર પડતી નથી વળી આપણી શારીરિક શક્તિના પ્રમાણનું પણ આપણને સાચું ભાન ન હોય એ પણ શક્ય છે - આથી મોટી નદી તરવાનું સાહસ ન કરવું.

(૨) જે શક્તિશાળી અને સત્તાવાહી સામર્થ્ય ધરાવે છે એનાં કામ ખોટાં-અન્યાયી હોય છતાં તેની સાથે કલહ કરવો નહીં કારણ કે 'સત્તા આગળ શાણપણ ચાલતું નથી.' એમની કલહ કરવામાં આપણી જ શાંતિ અને સુખચેન જોખમાય છે એમનું નૂકશાન થતું નથી.

(૩) ગામ-કુટુંબ-જ્ઞાતિના 'મહાજન મંડળ'નો વિરોધ ન કરવો - સમાજમાં એમની પ્રતિષ્ઠા હોય - બહુમતિ હોય એમાં આપણું કંઇ ચાલતું નથી. સમુદ્રમાં રહી મગરમચ્છ સાથે વેર બાંધવા જેવી પરિસ્થિતિ સર્જાય છે.

સુવિચાર

- માનવે ઇશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી અને ઇશ્વરે માને મોકલી આપી - ઓલિવર લિન્ટન
- કાતરની ચોરી કરે, કરે સોયનું દાન... ઉપર ચડી જોયા કરે, કેમ ન આવ્યું વિમાન - વિપીન પરીખ
- પ્રામાણિક માણસ એ ઇશ્વરની સર્વોત્તમ કૃતિ છે - માનસસૂત્ર
- અપમાનો અને ખોટા આરોપોનો જડબાતોડ જવાબ હોય તો તે મૌન છે- સરદાર પટેલ
- જો નિર્ધનતા બધા જ અપરાધોની માતા છે, તો બુદ્ધિહીનતા પિતા છે - સંત રોબિન
- ઇશ્વર તમારા ચંદ્રકો કે પદવી નહીં જુએ, પણ તમે કોઇના માટે ઝીલેલા જખમો જોશે - અબ્રાહ્મ લિંકન
- સારું કામ કરવું એ કુદરતમાં રહેલા શુભ અને શક્તિમાન તત્ત્વોને પોતાની તરફ આકર્ષવા બરાબર છે - એની બેસંટ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ સરકારોના પ્રધાનશ્રીઓ અને અધિકારીઓ એટલાં બધા-મોટાં કૌભાંડો કરે છે અને પકડાય છે કે લોકોનો સરકાર પરથી વિશ્વાસ જ ઉઠી ગયો છે. એટલે તો 'મત' આપવા જતા નથી!

મહાન ચીની ફિલસૂફ, શિક્ષક અને ચિંતક રાજકીય નેતા કોન્ફ્યુશિયસ તેના એક વિદ્યાર્થીએ પૂછ્યું - સર, ઉત્તમ સરકાર કોને કહેવાય?

કન્ફ્યુશિયસે જવાબ આપ્યો - જે સરકાર લોકોની સુરક્ષા સાચવી શકે, ભરપેટ ભોજન (રોજગાર) આપી શકે અને લોકોના પ્રેમ તથા વિશ્વાસ જીતી શકે તે ઉત્તમ સરકાર...

વિદ્યાર્થી કહે - પણ જો સરકાર ઢીલી હોય અને આપણે એક બાબત જતી કરવી હોય તો પહેલાં કંઇ બાબતથી ચલાવી લેવાય?

સર કહે - સુરક્ષા, પ્રજાએ પોતાની સુરક્ષા જાતે કરવી પડે - એવું બને!

અને... વિદ્યાર્થી કહે બીજી પણ છોડવું પડે એવી સરકાર માથે પડે તો?

કન્ફ્યુશિયસ કહે - તો ખોરાક છોડી દેવો!

વિદ્યાર્થી કહે - તો તો પ્રજા જીવી કેમ શકે?

સર કહે - જે સરકારમાં સુરક્ષા અને અન્ન છોડવાં પડે તે સરકાર પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ ક્યાંથી મેળવી શકે આવી અસુરક્ષિત અને ભૂખે મરતી પ્રજા ખાવા છતાં મરેલી જ છે! એના જીવવાનો શું અર્થ?!

Email - sureshchandrabhatt18@gmail.com

દુનિયામાં લગભગ ૮૬૩૫ જેટલી જુદી જુદી જાતમાં પંખીઓ થાય છે, તેમાં ભારતીય ઉપખંડમાં ૧૨૦૦ જાતનાં પંખીઓ જોવા મળે છે, જો કે તેની પેટા જાતિઓ ગણીઓ તો ૨૧૦૦ જુદી જુદી જાતો થાય, આપણા ગુજરાતમાં ૪૨૫ જાતનાં પંખીઓ જોવા મળે છે

હરિયાળું હરણોધાન

- નટવર હેડાઉ

સવારમાં પ્રકૃતિ ઉદ્યાનના દરવાજાની અંદર પ્રવેશ્યો ત્યારે સુર્યોદય હજુ થયો ન હતો. ભળભાખળું હતું. અવજાળાનું આગમન થઇ ચૂક્યું હતું. પક્ષીપ્રેમીઓનું એક ગૃપ ઊભું હતું. દાણાએ માથે ટોપીઓ પહેરેલી હતી. કોઇના ગળામાં દૂરબીન લટકાવેલું હતું તો કોઇ વળી હાથમાં રાખી ને ઊભો હતા. અમુક જણ પાસે પક્ષીઓ વિશેનાં પુસ્તકો પણ દેખાતાં હતા. હા, નાની હેન્ડી ડાયરી લગભગ બધાની પાસે હતી. નુરમહંમમદ ઠેબા તેમની સાથે વાત કરી રહ્યા હતા. હું પણ ચુપચાપ જઇ તેમાં સામેલ થઇ ગયો. તેઓ કહેતા હતા કે પક્ષી નિરીક્ષણ માટે સૌથી અનુકૂળ સમય સવાર અને સાંજ છે. દસ પંદર મિનિટ આંખ કાન સતેજ રાખી શાંતિથી યોગ્ય જગ્યા પસંદ કરી બેસીએ કે સ્થિર ઊભા રહીએ તો પણ ઘણાં પક્ષીઓ જોવા મળી જાય, કેમ કે ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી અહીં પંખીમેળો ભરાય છે. કયારેક જ જોવા મળતાં ગુજરાતના અન્ય વિસ્તારોનાં પંખીઓ પણ અહીં જોવા મળી જાય છે. આ ત્રણ મહિનાઓ દરમિયાન એક નોંધ અનુસાર સવાસો જાતના રંગબેરંગી પંખીઓ જોવા મળે છે. જેમાં મધ્ય અને દ.ગુજરાતમાં જોવા મળતાં તૂઇ, કનરા બુલબુલ, શ્વેતનૈના બુલબુલ, લટોરો શિયાળુ પ્રવાસી તથા રણ વિસ્તારનાં ગણાતાં એવા ગેદમ, પુલક, પીળકિયો, શ્વેત કંઠ, ટીક ટીક, પીહો અને રણ પીહો, નીલપુંછ, પતરંગો, માખીમાર જાતીના અનેક અને રણ ચંડુલ વિગેરે જોવા મળે છે. આ ઉપરાંત જવલ્લે જ જોવા મળી જાય તેવા મોરચકલી, ઘાનચીડી, દૂધરાજ, પીળક, અગન, કાશ્મીરી થરથરો અને ચંડુલ જેવા પંખીઓ પણ જોવા મળે તો નવાઇ નહીં. બાકી આપણે ત્યાં ગાંધીનગરમાં હોલા, હરિયલ, સુઘરી, જાત જાતની ફૂત્કીઓ, પતરંગાઓ, ચીબરી, દરજીડો, કલકલિયો, ટૂક ટૂક કંસારો, નીલકંઠ ચાપ, કપાસી, ચકવો, બીલ બટેર, સૂડો, જેવા સ્થાનિક પક્ષીઓને તો અવારનવાર જોતા જ હશો.'

સર તમે આટલાં બધાં પંખીઓ ગણાવ્યા તો દુનિયાભરમાં કેટલાં પંખીઓ હશે? એક ઉત્સાહી યુવતીએ પુછ્યું.

દુનિયામાં લગભગ ૮૬૩૫ જેટલી જુદી જુદી જાતમાં પંખીઓ થાય છે. તેમાં ભારતીય ઉપખંડમાં ૧૨૦૦ જાતનાં પંખીઓ જોવા મળે છે. જો કે તેની પેટા જાતિઓ ગણીઓ તો ૨૧૦૦ જુદી જુદી જાતો થાય. આપણા ગુજરાતમાં ૪૨૫ જાતનાં પંખીઓ જોવા મળે છે.

સર, આપણે પક્ષીની ઓળખ કઇ રીતે કરી શકીએ - નવાસવા પક્ષી નિરીક્ષણ માટે આવેલ એક યુવાને પ્રશ્ન કર્યો.

પક્ષીઓને ઓળખવાનું જરાય અઘરું નથી. પક્ષીઓને તેના કદ, રંગ, ચાંચનો આકાર, ઘાટ, પૂંછડી, ઉડ્ડયન અને અવાજ પરથી ઓળખી શકાય છે. કુદરતી અવસ્થામાં પક્ષીઓનું કદ માપી શકાતું નથી. આથી નિહાળેલ પક્ષીઓનું કદ આપણે સુપરિચિત હોઇએ તેવા સામાન્ય પક્ષીઓ જેમકે કાબર, કબુતર, કાગડો, સમડી અને ગીદો કે મોર જેવા પક્ષીઓ સાથે સરખાવી શકાય.

પક્ષી નિરીક્ષણમાં બીજું શું શું ધ્યાન રાખીને જોવું જોઇએ અને કરવું જોઇએ ઉભેલા એક ભાઇએ પ્રશ્ન કર્યો ત્યારે બધા એ પાછલ જોયું સૌનું ધ્યાન તેમની તરફ ખેંચાયું તે જરા ખસીયાણા પડી ગયા.

તમારી વાત સાચી છે. પક્ષી નિરીક્ષણમાં કદની સરખામણી કર્યા પછી પક્ષીઓનાં રંગ તેમાં વિવિધ અવયવોનાં જુદા જુદા રંગ. ચાંચનો આકાર, પૂંછડીનો આકાર, કદ, શરીરનો ઘાટ, અવાજ તથા ઉડ્ડયન ને જોવાનો પ્રયત્ન કરવો જોઇએ. વળી તેના વિષે નોંધ પણ કરવી જોઇએ. પક્ષી અંગેનાં પુસ્તકો સાથે રાખ્યા હોય તો ઓળખમાં વધુ આસાની રહેશે. નહિતર વર્ણનની કહેલ નોંધ પરથી બાદમાં સરખાવી પક્ષીને ઓળખી શકાય. જો કે ફૂલ્કી વર્ગનાં પક્ષીઓને કેટલાક અપવાદો સિવાય ચોક્કસપણે ઓળખવાનું મુશ્કેલ બને છે કારણ કે દરેકના રંગ રૂપ અને કદ સરખાં જ હોય છે.

સર, પક્ષીઓને ઓળખી કાઢ્યા પછી શું કરવાનું? એક નાના બાળકે તેની ટોપી સરખી કરતાં પુછ્યું.

'પક્ષીઓને ઓળખ્યા પછી તેની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની નોંધ ઘણી રસપ્રદ બની રહેશે. તે ક્યાં બેસે છે. ક્યાંથી ઊડી કઇ તરફ જાય છે. કઇ રીતે ખોરાક મેળવે છે. ક્યાં પાણી પીએ છે. વૃક્ષની ઘટામાં લપાઇને બેઠેલું પંખી દેખાય નહીં પણ તેનો અવાજ સંભળાય, કયારેક ખૂબ ઊંચી ડાળ પર કોઇ પંખી બેઠું હોય કયારેક આકાશમાં ઊડતાં પંખીનાં ઝુંડ જોવા મળે તે બધાંને શાળાના ચોગાનમાં કે ઘરનાં આંગણામાં અથવા બગીચામાં રોજબરોજ હરતાં ફરતાં નિહાળેલા પંખીઓની યાદી કરશો તો તેમાં શરૂઆતમાં ઝડપી ઉમેરો થશે. પંરતુ બે - ત્રણ માસ પછી એવી સ્થિતિ આવે કે લાંબા સમય બાદ તમારી યાદીમાં એકાદ નામ ઉમેરાય. પણ તેનો આનંદ અનેરો મળે.'

સર, હું આમ તો હમણાં થોડા જ સમયથી પક્ષી દર્શનમાં આવું છું પણ મેં જોયું છે કે અમુક પક્ષીઓના રંગ જાણે કે બદલાતા હોય છે અને તેમનાં માળાઓમાં તો ઘણી વિવિધતા જોવા મળે છે ખરું ને? રંગબેરંગી વસ્ત્રો પહેરીને આવેલી એક સ્માર્ટ યુવતીએ પુછ્યું.

હાં તમારી વાત સાચી છે. આપણે આ અંગે પણ ચાલતાં ચલાતાં વાતો કરીએ. વચ્ચે વચ્ચે પક્ષીઓ પણ જોતાં રહીશું. એમ કહી નુરમહંમત આગળ ચાલ્યા. બધા તેને અનુસરતાં હતા.

હમણાં જ તમારામાંથી કોઇએ મને પક્ષીઓના રંગ બાબતે પુછેલું ખરું ને? તેમાં એવું છે કે જુદા જુદા પક્ષીઓ જુદી જુદી ઋતુમાં સંવનન કરતા હોય છે અને માળો કરતાં હોય છે. તે રીતે ઘણીબધી જાતિના પક્ષીઓ સંવનની ઋતુમાં જુદા જ પ્રકારના રંગરૂપ ધારણ કરાં હોય છે. જેમ કે સુઘરી કે ઢોર બગલો, તો વળી કેટલીક જાતિનાં પંખીઓ સંવનની ઋતુ દરમિયાન મીઠું મીઠું બોલી માદાને આકર્ષવા પ્રયાસ કરતાં હોય છે. જેમ કે કોયલ, બપૈયા વગેરે. સામાન્ય રીતે પક્ષીઓનાં માળા બાંધવાની ઋતુ તેના ખોરાકની ઉપલબ્ધતા ઉપર આધારીત હોય છે. નાચણ કે દૂધરાજ અને તેના જેવા અન્ય પક્ષીઓ સામાન્ય રીતે ઉનાળાના અંતમાં કે ચોમાસાની શરૂઆતમાં માળો કરતાં હોય છે. જેથી ઇંડામાંથી બચ્ચાં બહાર આવે ત્યારે ચોમાસાની ઋતુ દરમિયાન પુષ્કળ જીવાતથી તેમને પુરતો ખોરાક સહેલાઇથી મળી રહે. જે તે પોતાના બચ્ચને ખવડાવી શકે, એ જ રીતે જમીન પર ઇંડા મુકનાર ટીંટોડી જેવા પક્ષી તેના ઇંડા ઉનાળા દરમિયાન મૂકે જેથી ચોમાસામાં વરસાદનું પાણી આવે ત્યારે ઇંડામાંથી બચ્ચા નીકળી ગયાં હોય અને ઇંડા તણાઇ ન જાય. આથી જ લોકો ટીંટોડીના ઇંડા પાણીના વહેણથી કેટલી ઊંચાઇએ છે તેના પરથી વરસાદની આગાહી કરતા હોય છે.

પણ અમે તો અત્યારે વસંતઋતુમાં કેટલાક પક્ષીઓના બચ્ચાં જોયા તેનું શું? એક ભાઇએ તેનાં ચશ્મા ઠીક કરતાં પ્રશ્ન કર્યો.

'બરાબર છે. જુઓ બોગનવેલના ફૂલના ઝુમખા પર બેઠેલું પેલું નાનકડું ફૂલ સુંઘણીનું બચ્ચું છે.'

બધાં તેને જોવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ત્યારે નૂરમહમંદે વાત આગળ વધારી. ફૂલ સુંઘણીના વર્ગના અને સક્કરખોરા જેવા પક્ષીઓ વસંતઋતુ દરમિયાન બચ્ચા થાય તે રીતે માળો કરતાં હોય છે. જેથી તે સમયગાળામાં વૃક્ષોમાં મોટી સંખ્યામાં ફૂલો હોય જે ફૂલમાંથી તેમજ ફૂલ ઉપર આવતી જીવાત રૂપે પુષ્કળ ખોરાક તેમને મળે.

સર, આ પક્ષીઓ ઘણી વખત જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા નામે ઓળખાય છે તેનું શું?

હાં એ વાત સાચી છે. તેથી ઘણી વખત ગોટાળો થવાનો સંભવ રહે છે. તેથી પંખીઓના નામોમાં એકવાકયતા લાવવા કેટલાક પ્રયત્નો થયા છે. વિખ્યાત પ્રકૃતિ પ્રેમી હરિનારાયણ આચાર્ય એ અંગ્રેજી નામોના શાબ્દિક અનુવાદ કરીને કેટલાંક નામો બનાવેલ પણ એ ચીટકુડ અને મીતાક્ષરી નથી થયાં. તે ઉપરાંત બીજો એક પ્રયત્ન સ્વ. ધર્મકુમારસિંહજી એ પ્રદ્યુમ્ન દેસાઇની મદદથી કહેલો. તેમને ગુજરાતનાં બધાં પંખીઓને આવરી લઇ દરેક પંખીનું ગુજરાતી નામ આપેલું. તે પછી ત્રીજો પ્રયત્ન પક્ષીશાસ્ત્રી લવકુમાર ખાકર અને લાલસિંહ રાઓલ દ્વારા ૧૯૭૩માં કરવામાં આવ્યો હતો. તેમાં તેમણે પક્ષીઓનાં નામો ટૂંકા અને જલ્દી જીભે ચડે એવાં કરવાનો પ્રયત્ન કરેલો. કેટલાક નવા નમો પણ બનાવેલાં તે માટે તેમણે પંખીની ખાસિયત ને લક્ષમાં રાખી હતી. 'ચાતક' નામે ત્રિમાસિકમાં એ યાદી પ્રગટ થયેલી.

'સર... સર... અમે થોળ અને નળસરોવર પક્ષીઓ જોવા ગયેલા ત્યાં તો જુદાં જ પક્ષીઓ હતા.'

હાં, તેને યાયાવર પક્ષીઓ કહેવાય છે. ચોમાસું ઉતરતાં સપ્ટેમ્બર - ઓકટોબરથી યુરોપ, રશિયા, સાઇબિરીયા અને ઉત્તર મધ્ય અને પશ્ચિમ એશિયામાંથી યાયાવર પક્ષીઓ આપણે ત્યાં આવે છે. તેમની સંખ્યા ખુબ હોય છે. તેમાં પણ જુદી જુદી જાતની બતકો મુખ્ય હોય છે. તે ઉપરાંત નાનાં હંજ, કુંજ, કરકરા, વા બગલીઓ, ઘોમડા, પેણ, ઢોંકની વિવિધ જાતો તથા કાદવ કીચડ ખૂંદનારા પંખીઓ, કાજિયા, બગલા વગેરે આપણા સ્થાનિક પંખીઓ અને દેશી-પરદેશી શિકારી પંખીઓ પણ જોવા મળે છે. અમુક પંખીઓ આપણા કાયમી વતની છે અને બહારથી પણ એ આવે છે. જેમ કે નાની ડુબકી, નડી બગલો, નીલ મુરઘો વગેરે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

એક ભવમાં શિક્ષક, પ્રાધ્યાપક અને કવિનું સ-રસ જીવન જીવતા આહમદ મકરાણી

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

નામ : આહમદ લાલમોહમદ મકરાણી

જન્મ તારીખ : ૫-૧૦-૧૯૪૧

અભ્યાસ : જામદેવળિયા (હાલાર-જામનગર જિલ્લો બારાડી)

અભ્યાસ : એમ. એ. (ગુજરાતી - સંસ્કૃત)

બી.એડ. (ગુજરાતી - અંગ્રેજી મેથડસ)

વ્યવસાય : વિવિધલક્ષી વિનયમંદિર ઉપલેટા હાઇસ્કૂલમાં ૯-૧૨-૬૪ થી ૧૧-૭-૧૯૭૫ સુધી શિક્ષણકાર્ય કર્યું અને તા. ૧૨-૭-૧૯૭૫થી તા. ૩૧-૧૦-૨૦૦૩ સુધી ઉપલેટા મ્યુનિસિપલ કોલેજમાં પ્રાધ્યાપક સેવા આપી.

પ્રખર ગઝલકાર સ્વ. કિસ્મત કુરેશીની ૨૦મી પુણ્યતિથિના કાર્યક્રમમાં ભાવનગર, શિશુ વિહારમાં બુધસભા દ્વારા આયોજિત કવિ મનસૂર કુરેશી રચિત તરહી ગઝલ સંગ્રહ 'શિખર અને તળેટી' ના વિમોચનમાં કવિ આહમદ મકરાણીને મળવાનું થયું તે યાદગાર ક્ષણો પ્રસ્તુત છે. તા. ૦૭-૦૧-૨૦૧૫ની સાંજ તો યાદગાર બની પણ તા. ૦૮-૦૧-૨૦૧૫ ભાવનગરથી રાજકોટ એસ.ટી. બસમાં પણ પાંચ કલાક સાથે સાહિત્ય યાત્રા કરી હતી.



કવિ આહમદ મકરાણીએ મને તેમનો ગઝલ સંગ્રહ 'જિંદગી' સ-પ્રેમ ભેટ આપ્યો. મેં પુસ્તકને માથે ચઢાવ્યું. કવિના સંક્ષિપ્ત પરિચય સાથે તેમનાં બે શે-અરને માણીએ.

મોત વિષે સાવ મારી ધારણા એવી રહી;
જિંદગીને અધવચાળે આવતું ઝોકું બધું.

● ● ●

જિંદગીની ટ્રેન ચાલે આ સમયના પથ ઉપર,
સાવ સીધા હોય પાટા ક્યાંક સાંધા આવશે.

'આયનો', 'હસ્તરેખા', 'શબ્દની મોસમ', 'તું લખ ગઝલ' એ ચાર સંગ્રહો પછી મારો પાંચ ગઝલ સંગ્રહ 'જિંદગી' ભાવકોનાં કરકમળમાં મૂકતાં હર્ષની લાગણી અનુભવું છું. આ ઉપરાંત સદ્‌ગત કવિમિત્ર જયંત વસોયાની ગઝલોનું સંપાદન 'ગઝલની ગલી' પણ વાચકોના કરકમળ સુધી પહોંચેલ છે.

ગઝલ ગુજરાતી સાહિત્યમાં ચોમેર છવાઇ ગઇ છે. ગીત અને ગઝલ એ બે પ્રકારો ગુજરાતી સાહિત્યમાં પૂરેપૂરી રીતે સત્તા જમાવીને બેઠા છે. દોઢસો વર્ષમાં ગુજરાતી ગઝલે ઘણા ચઢાવ-ઉતાર જોયા છે. ઘણા વિવેચકોએ એને વખોડી પણ છે. છતાં પણ ગઝલ લોકપ્રિય અને કવિપ્રિય કાવ્ય પ્રકાર રહ્યો છે. 'અમૃત ઘાયલ' યોગ્ય જ રીતે કહે છે કે :

'અણગમાને અતિક્રમી તે ગઝલ,
ને પ્રણયમાં પરિમણી તે ગઝલ.
લાજના ભાવથી નમી તે ગઝલ,
જે પ્રથમ દૃષ્ટિએ ગમી તે ગઝલ.'

અત્યારે ગઝલે ગુજરાતી ભાષામાં પોતાનો સિક્કો જમાવી દીધો છે. ઉશનસ્ અને રાજેન્દ્ર શાહ જેવા કવિઓએ પણ ગઝલો રચી છે.

ઘણા વિવેચકો નવોદિત ગઝલકારોની ગઝલોને સાશંક દૃષ્ટિથી જુએ છે. પરંતુ ગમે તેવો મોટો ગઝલકાર કે કવિ પ્રારંભમાં તો નવોદિત જ હોય છે ને? એ વાત વિવેચકો કેમ ભૂલી જતા હોય છે. નવોદિતો જ પોતાની પ્રતિભાને કારણે આગળ જતાં ઉત્તમ ગઝલો નહિ આપે, એવું માની લેવાય? સમય પોતે મોટો વિવેચક છે. એ નબળી ગઝલોને પોતાના પ્રવાહમાં ખેંચી જશે. અને અંતે તો ઉત્તમ ગઝલો જ અમર રહેશે. એ નિઃશંક વાત છે.

છેલ્લા ચાળીશેક વર્ષથી ગઝલો રચતો આવ્યો છું. જીવનના સારા-માઠા પ્રસંગે ગઝલે મારો હાથ ઝાલ્યો છે. મને શબ્દ દ્વારા અનેરી શાંતિ અને પ્રસન્નતા પ્રાપ્ત થયેલ છે. આપ સૌ ભાવકોને પણ મારી ગઝલો સંતર્પક લાગે, આનંદ આપે એવી ભાવના પ્રગટ કરું છું. ડાયરીની બહાર નીકળીને પુસ્તક સ્વરૂપે આવી પહોંચેલી મારી ગઝલ-સવારીને આપની હૂંફ અને સત્કારની આવશ્યકતા છે. ભાવકો સમક્ષ ગઝલો પેશ કરતાં અંતે કૈલાસ પંડજિત સાથે સંમત થવું જ પડેને!

"એકલા કોને ગઝલ સંભળાવશો?
જોઇએ 'કૈલાશ' લોકો જોઇએ."

'આયનો,', 'હસ્તરેખા', 'શબ્દની મોસમ', 'તું લખ ગઝલ', 'જિંદગી' એ મારા પાંચ ગઝલ સંગ્રહો પ્રકાશિત થયા છે?

છેલ્લાં ૪૫ વર્ષથી ગઝલ સંગ્રહ કરતા આ કવિ 'કુમાર', 'કવિલોક,' 'બુદ્ધિ પ્રકાશ', 'ગઝલ વિશ્વ', 'ધબક', વ. સામયિકોમાં લખતાં રહ્યાં છે. મોરારી બાપુએ અસ્મિતા પર્વ - ૧૧માં ગઝલ પઠન માટે આમંત્રણ આપી સન્માન કર્યું હતું. તાજેતરમાં વડોદરાની 'ગઝલ સભા' એ તેમના ગઝલ સંગ્રહ 'જિંદગીને' રૂ. ૨૫૦૦૦/- નું પારિતોષિક આપી સન્માન કર્યું છે. આપણે પણ પોંખીએ કવિ આહમદ મકરાણીને. તેઓ હંમેશા સ્વસ્થ, પ્રસન્ન રહે તેવી શુભેચ્છા.

તેમને મળી શકાય.

'મા મરિયમ મંઝિલ', ગુરુ નાનક શેરી, સિંધી માર્કેટ પાસે, ઉપલેટા - ૩૬૦૪૯૦, મો. ૯૮૭૯૨ ૪૭૫૦૯

વિશ્વ સામે માથું ટટ્ટાર રાખવાનું શીખવ્યું વિવેકાનંદે

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

મહાત્મા ગાંધીજી ૧૯૧૫માં ભારત આવ્યા તેની શતાબ્દીનું વર્ષ હમણાં ઉજવાય રહ્યું છે. ગાંધીજી આવ્યા અને પૂરા એક વર્ષ સુધી દેશ આખામાં ફર્યા અને પછી તો આખી જિંદગી કોઈ એક ઠેકાણે નથી રહ્યા. આજે અહી, કાલે ત્યાં. સરકાર જેલમાં પૂરે ત્યારે જ તેમનું ઠેકાણું પડતું. ગાંધીજીનું ભ્રમણ દેશની જાગૃતિ માટેનું હતું. તેમના પહેલાં એવું ભ્રમણ સ્વામી વિવેકાનંદે (અને તે પહેલાં શંકરાચાર્યએ) કરેલું. કાકા કાલેલકરે કહ્યું છે કે, સ્વામી વિવેકાનંદે નવભારતનો- પ્રબુધ્ધ ભારતનો- પ્રારંભ કર્યો તેથી હું તેમને યુગપુરુષ માનું છું. તેમણે ટાગોર, મહર્ષિ અરવિંદ અને ગાંધીજીના યુગકાર્યમાં પણ વિવેકાનંદનો ફાળો જોયો છે. આમ કહેવામાં પૂરું ઔચિત્ય છે. સ્વામી વિવેકાનંદના શિકાગો ખાતેનાં વકતવ્યનું ખૂબ ગૌરવ કરવામાં આવે છે તે એટલા માટે કે તેમણે એ વકતવ્ય વડે જગત સામે ભારતીય સંસ્કૃતિનું ગૌરવ પૂરી તેજસ્વિતાથી સ્થાપી આપેલું.

અત્યારે પ્રવાસી ભારતીય દિવસ ઉજવાય ગયો પણ કયારેય વિદેશ ગયેલા ભારતીય પ્રવાસીઓએ શું પ્રભાવ મૂકયો તે પણ ચર્ચવા જેવો છે. નૃત્યકાર ઉદયશંકર, પંડિત રવિશંકર, હરેરામ કૃષ્ણ મિશનના સ્થાપક સ્વામી પ્રભુપાદ જેવાને અહી ચર્ચી શકાય. પરંતુ એ બધામાં પ્રથમ સ્વામી વિવેકાનંદનું જ સ્મરણ થઈ શકે. ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩માં જન્મેલા નરેન્દ્રનાથ દત્ત હવે ૧૫૨ વર્ષના થયા ગણાય. દોઢસો વર્ષ કાંઈ બહુ દૂરનાં વર્ષ ના ગણાય. આપણે ત્યાં સ્વામી, સાધુ, સંતોની પરંપરા તો ઘણી જૂની છે, પણ વિવેકાનંદ એવા સ્વામી છે જે કોલકતાની પ્રેસિડેન્સી કોલેજમાં ભણ્યા હતા. આપણે ત્યાં હિમાલયમાં જઈ તપ કરનારા યા અમુક મઠોમાં રહેનારા સાધુઓનો મહિમા હતો, જયારે સ્વામી વિવેકાનંદે મઠ જરૂર સ્થાપ્યો પણ મૂળ તો સાધુ તો ચલતા ભલા હતા, પણ આધુનિક અર્થમાં. તેઓ ભણતા હતા ત્યારે જ એક તરફ વેદ, ઉપનિષદ, પુરાણો વાંચ્યા તો બીજી તરફ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો વાંચ્યા. વાંચ્યા નહી મૌલિક અર્થઘટન સાથે વાંચ્યા કારણ કે ત્યારે અંગ્રેજોએ દેશને અને લોકોને ગુલામી માનસિકતામાં ધકેલી દીધા હતા. દરેક દેશને પોતાની આગવી ચેતના હોય છે અને તેને જગાવવાનું કામ સમયે સમયે કરવું પડતું હોય છે. સ્વામી વિવેકાનંદનું શું હતું કે કોલેજમાં તેઓ પશ્ચિમનું જીવનદર્શન, યુરોપનો ઈતિહાસ પણ ભણ્યા. ત્યાંના મહાન ફિલોસોફરોનો પણ અભ્યાસ કર્યો. હર્બર્ટ સ્પેન્સર જેવા વિખ્યાત ફિલોસોફર સાથે પત્રવ્યવહાર કર્યો અને તેમના એજયુકેશન પુસ્તકનો બંગાળીમાં અનુવાદ પણ કર્યો. (આજે આપણે સ્વીકારવું જોઈએ કે અંગ્રેજો આવ્યા તો દેશમાં આધુનિક શિક્ષણ શરૂ થયું. કોલેજો શરૂ થઈ અને વિવેકાનંદથી માંડી આપણા ગાંધીજી, નહેરુ, સરદાર પટેલ સહિત બધા એ શિક્ષણ પામીને જ નવજાગૃતિના કામ વિશે સભાન થયા.)

ભારતમાં પશ્ચિમ બંગાળે વિરાટ જાગૃતિનું કાર્ય કર્યું છે. ટાગોર કલકત્તાનાં, વંદે માતરમ્ ના રચયિતા તરીકે જેમને જાણ્યા તે બંકીમચન્દ્ર બંગાળના, શરદબાબુ બંગાળના, સત્યજીત રે બંગાળના, પંડિત રવિશંકર બંગાળના, (હજુ ઘણા નામો છે). આ નામો પહેલાં સ્વામી વિવેકાનંદને યાદ કરો તો જાણે વિશેષણ બની જાય. નરેન્દ્રનાથ દત્તનું સ્વામી વિવેકાનંદ માં રૂપાંતરણ શરૂ થયું તે સ્વામી રામકૃષ્ણને મળ્યા પછી, એક વાર પ્રોફેસર વિલિયમ હેસ્ટી વિલિયમ વર્ડસવર્થથી ધ એકસ્યુર્સન કવિતા ભણાવી રહ્યા હતા અને તેમાં તેમણે ધ્યાન શબ્દ સંદર્ભે વિદ્યાર્થીઓને કહ્યું કે, દક્ષિણેશ્વર (કલકત્તાનો વિસ્તાર) જઈને રામકૃષ્ણને મળો તો ખ્યાલ આવશે કે આ ધ્યાન શું છે. નરેન્દ્રનાથે તરત આ વાત પકડી લીધી અને પહોંચી ગયા રામકૃષ્ણને મળવા. પહેલી વાર ગયા ત્યારે તો નહી, બીજી વાર ગયા પછી જીવનમાં પરિવર્તન શરૂ થયું. બાકી તેઓ તો બ્રહ્મોસમાજના સભ્ય હતા, જયાં આ પ્રકારની ધાર્મિક આસ્થાને માનથી જોવાતી નહોતી, પણ રામકૃષ્ણનો ચમત્કાર એવો થયો કે બધું ઓગળવા માંડયું.આ બધા દરમિયાન ઘરનાં મોરચે તો અનેક આફતો લડવાની હતી અને પછી તો તેમનું આરોગ્ય પણ સામું થયું, પણ તેઓ યુગકાર્ય માટે તૈયાર થઈ રહ્યા હતા. અંગ્રેજોના કારણે વિદેશમાં ભારત અને ભારતીય સંસ્કૃતિ વિશે હિણપતભરી વાતો થતી હતી. ભારતીય સંસ્કૃતિ અને તેના જ્ઞાનવારસા વિશે વિશ્વ બહુ ઓછું જાણતું હતું. થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના થયેલી ખરી અને મેકસમૂલર જેવા વિદ્વાનોએ જર્મની અને ઈંગ્લેન્ડમાં વેદ-ઉપનિષદ વિશેનાં અધ્યયન રજૂ કરી ભારત વિશે આદર જગાવવાનું થોડું કામ જરૂર કરેલું, પણ સ્વામી વિવેકાનંદ પશ્ચિમમાં ઘૂમી વળ્યા અને જાણે સંસ્કૃતિનો ધ્વજ ચો જઈ ઉડતો થયો.૧૮૮૮માં તેમણે પરિવ્રાજક તરીકે મઠ છોડયો અને ભ્રમણ શરૂ થયું. ચાલતા અને રેલવેથી પ્રવાસ કર્યો અને તે વખતે દેશમાં જે કોઈ વિદ્વાન હતા, અભ્યાસી હતા તેને મળ્યા. રાજા અને દીવાનો વચ્ચે ગયા. હિન્દુ ઉપરાંત મુસ્લિમ, ખ્રિસ્તી ધર્મીઓને પણ મળ્યા. સૌ પ્રથમ પહોંચ્યા વારાણસી અને ગૌત્તમ બુદ્ધનાં સ્થળો પર પહોંચ્યા. પછી અયોધ્યા, લખનૌ, આગ્રા, વૃંદાવન, હાથરસ, ઋષિકેશ, હરિદ્વાર ગયા. પણ, જયારે ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩માં તેમણે વિશ્વ ધર્